Capital World (Gujarati) Pg 5, 19th July 2022

# બિટકોઈન સામે ઈથેરિયમનો ભાવ બે મહિનાની ટોચે પહોંચ્યો

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૫.૪૬ ટકાનો ઉછાળો

**કેપિટલ સંવાદદાતા તા.૧૮**

ક્રિપ્ટોકરન્સી બજારમાં તેજી યથાવત્ છે. એવામાં ઈથેરિયમમાં નોંધપાત્ર તેજી આવી છે અને વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બિટકોઈનની સામે બે મહિનાની ટોચે સ્પર્શયો છે. છેલ્લા એક સપ્તાહમાં ઈથેરિયમ ૯.૨૦ ટકા અને રવિવાર સાંજથી સોમવાર સાંજના ૨૪ કલાકમાં ૪.૫૨ ટકા વધ્યો હતો. સપ્ટેમ્બર મહિનામાં ઈથોરિયમ પ્રુફ ઓફ સ્ટેકમાં સ્વિચ કરશે એવી જાહેરાત ઈથેરિયમના ડેવલપર્સે કરી ત્યારથી જ નોંધપાત્ર ઉછાળો જોવા



મળી રહ્યો છે. પરિણામે આની સામે બિટકોઈનની સાપ્તાહિક ધોરણે નવ ટકાથી વધુની તેજી પણ ફિકી પડી છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૫.૪૬ ટકા (૧૬૦૫.૪૨ પોઈન્ટ્સ) વધીને ૩૦,૯૪૮.૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.